પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૦ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૮, બુધવાર ; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ‘અટલ રાહ’ પર મોદી

**લોકસભાની વહેલી ચૂંટણીના ભણકારા : કોંગ્રેસ સહિતના વિપક્ષોને ‘મોદી વિરોધી’ માહોલ બનાવવા સમય આપવા નથી માંગતું ભાજપ**

**ખર્ચ બચાવવાના બહાને મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ સાથે જ લોકસભાની ચૂંટણી કરાવી લેવાની મોદીની વ્યુહરચના**

ન્યુ દિલ્હી,તા.૩૦

શું મોદી સરકાર આ વર્ષના અંતમાં લોકસભા ચૂંટણી કરાવશે? રાજ્ય અને કેન્દ્રની એક સાથે ચૂંટણી કરવાની જે વાત વડાપ્રધાને કરી હતી તેને આ વર્ષના અંતમાં લાગુ કરે તેમ રાજકીય પંડિતોનું માનવું છે. બજેટ સત્રની શરુઆતમાં રાષ્ટ્રપતિના અભિભાષણ અને કેન્દ્ર સરકાર દ્વારા મળી રહેલા સંકેતોને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ડિકોડ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેમનું માનવું છે કે, જો આમ થશે તો કોઈ આશ્ચર્ય નહીં થાય.બજેટ સત્ર પહેલાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કેન્દ્ર સરકારની ગત ચાર વર્ષોની ઉપલબ્ધિ સંસદ સમક્ષ રજૂ કરી હતી. જેમાં એક સાથે ચૂંટણી કરવાની પીએમ મોદીની વાત પણ રાષ્ટ્રપતિએ દોહરાવી હતી. રાષ્ટ્રપતિ કોવિંદે રાજ્ય અને કેન્દ્રની એક સાથે ચૂંટણી કરાવવાની પીએમ મોદીની વાતનું સમર્થન કરતાં જણાવ્યું કે, દેશમાં સમયાંતરે આવતી ચૂંટણીઓને કારણે વિકાસકાર્યો અવરોધાય છે.

મહત્વનું છે કે, વર્ષ ૨૦૦૪માં તત્કાલિન પીએમ અટલબિહારી વાજપેયીએ સમય પહેલાં લોકસભાની ચૂંટણી કરાવી હતી. જેમાં એનડીએને પરાજયનો સામને કરવો પડ્યો હતો. અને કોંગ્રેસ સત્તામાં પરત ફરી હતી. હવે ફરી એકવાર પીએમ મોદી ‘અટલ રાહ’ પર ચાલી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. અને જલદી ચૂંટણી કરાવવાનો મૂડ બનાવી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



પ્રધાનમંત્રીના રાજઘાટ પર નમન : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજઘાટ પર પહોંચી પૂજ્ય બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા....



સાકર વર્ષા - પ્રસિદ્ધ યાત્રાધામ સંતરામ મંદિર ખાતે મહા સુદ પુનમે યોજાતી પરંપરાગત સાકરવર્ષાનો લાભ લેવા સેંકડો ભાવિકો ઉમટ્યા હતા... નડીયાદ અને આસપાસના વિસ્તારોમાં પરમ શ્રદ્ધેય સંતરામ મહારાજ પર અટલ શ્રદ્ધા અનુભવાય છે... સંતરામ મહારાજની પ્રસાદી રૂપે સાકર વર્ષાના ભવ્ય અને દિવ્ય પ્રસંગે દેશ - વિદેશમાંથી પણ ભાવિકો પધારે છે... સંતરામ મંદિરમાં ૧૮૭ વર્ષ પૂર્વે યોગીરાજ અવધૂત પૂજ્ય સંતરામ મહારાજશ્રીએ જીવન સમાધી લીધી ત્યારે તેમની નેત્રજ્યાતોમાંથી પ્રગટેલી દિપની જ્યોત આજે પણ અખંડ પ્રવજ્વલિત રહે છે... નડીયાદમાં ત્રણ દિવસનો લોકમેળામાં શ્રદ્ધાના ઘોડાપુર અનુભવાય છે....

# કાસગંજમાં કોમી હિંસા યથાવત

**પાંચમાં દિવસે પણ હિંસા : ધાર્મિક સ્થળમાં તોડફોડ કરાઈ : મજબૂત સુરક્ષા છતાંય હિંસાનો દોર જારી રહેતા તર્ક-વિતર્કો : ચંદન ગુપ્તાની હત્યામાં સમાજવાદી પાર્ટીના સંબંધ હોવાના હેવાલથી વધુ વિવાદ સપાટીએ : સરકારે માંગેલો રિપોર્ટ**

લખનૌ,તા. ૩૦

ઉત્તરપ્રદેશના કાસગંજમાં કોમી હિંસાનો દોરક આજે પણ જારી રહ્યો હતો. છેલ્લા પાંચ દિવસથી હિંસાની ઘટનાઓનો દોર આજે જારી રહેતા ઉત્તરપ્રદેશ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહેલા તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સ્થિતી હજુ પણ સામાન્ય બની રહી નથી. આજે હિંસાનો દોર જારી રહ્યો હતો. જેના ભાગરૂપે એક દાર્મિક સ્થળ પર તોડફોડ કરવામાં આવી હતી. સાંપ્રદાયિક હિંસા વધી જવાની દહેશત હાલમાં દેખાઈ રહી છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મજબુત સુરક્ષા હોવા છતાં હિંસાના છુટાછવાયા બનાવો બની રહ્યા છે. કોમી હિંસાના દોર વચ્ચે હવે કેન્દ્ર સરકારે પણ આની ગંભીર નોંધ લીધી છે અને યોગી સરકાર પાસેથી કાસગંજ હિંસાના મામલામાં વિસ્તૃત રિપોર્ટ આપવા માટે સૂચના આપી છે. બીજી બાજુ ચંદન ગુપ્તાની હત્યાના આરોપીના સમાજવાદી પાર્ટી સાથે કનેક્શન હોવાની વિગત સપાટી ઉપર આવી છે. આરોપી ત્રણેય ભાઈઓ પૈકી એક વસીમને સમાજવાદી પાર્ટીના નેતાઓના નજીકના સાથી તરીકે ગણવામાં આવે છે. અલબત્ત તેના પાર્ટીમાં કોઈ હોદ્દા પર હોવાની વિગત સપાટી ઉપર આવી નથી. ચંદન ગુપ્તાની હત્યાના મામલામાં ત્રણ સગા ભાઈ નસીમ, વસીમ અને સલીમની સંડોવણી હોવાની વિગતો ખુલી છે. તપાસનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. કેન્દ્ર સરકારે રિપોર્ટ માંગ્યો છે. બીજી બાજુ નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્યએ કહ્યું છે કે, હિંસાના મામલામાં તમામ સામે કાર્યવાહી



● અનુસંધાન પાન-૭ પર

## પાકના સમર્થકોએ ચંદનની ક્રૂર હત્યા કરી છે : કટિયાર

પ્રજાસત્તાક દિવસના પ્રસંગે કાસગંજમાં થયેલી સાંપ્રદાયિક હિંસા બાદ જિલ્લામાં વિસ્ફોટક સ્થિતિ બનેલી છે. વિસ્ફોટક સ્થિતિ વચ્ચે નેતાઓના નિવેદનથી સ્થિતિ વણસી રહી છે. ભાજપના રાજ્યસભાના સાંસદ વિનય કટિયારે આજે વિવાદાસ્પદ નિવેદન કરીને વધુ ચર્ચા જગાવી હતી. પાકિસ્તાન સમર્થક લોકો ચંદનની હત્યામાં સામેલ રહ્યા હોવાનો આક્ષેપ વિનય કટિયારે કર્યો હતો.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

Since 1951 નૂતન ટ્રાવેલ્સ
ઓફિસ : ૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૬૨૩૨૨/૨૪/૨૫/૧૯૬૬
એર બુકીંગ : ૦૭૯-૨૬૫૬૩૩૫૧ મો. : ૯૪૨૭૪૫૫૨૭૪,૯૪૦૮૬૪૩૭૫૬
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

HURRY UP
LIMITED SEATS
12000/-
ONLY FIRST
20 ADMISSION
Rashmika A. Trivedi
M. 81416 11819
Tender Touch
Baby Sitting, Play Group, Nursery
ADMISSION OPEN
Plot No-16, Swastik Society,
Gujarat Housing Board, Sector-21, Gandhinagar

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## શાહરૂખના અલીબાગ ફાર્મ હાઉસ પર આઈટી વિભાગે કબજો જમાવાયો



**બેનામી ધારા હેઠળ ડિસેમ્બર મહિનામાં જ નોટિસ જારી કરાયા બાદ ધ્યાન નહીં અપાતા આખરે કાર્યવાહી કરાઈ**

મુંબઈ,તા. ૩૦

અભિનેતા શાહરુખ ખાનની મુશ્કેલીમાં વધારો થયો છે. ઈન્કમ ટેક્સ વિભાગે શાહરુખ ખાનના અલીબાગ ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી લીધો છે. બેનામી સંપત્તિ ધારા હેઠળ ડિસેમ્બર મહિનામાં આવકવેરા વિભાગે શાહરુખ ખાન સામે નોટિસ જારી કરી હતી. સાથે સાથે ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી લેવા માટે કહ્યું હતું પરંતુ આ દિશામાં ધ્યાન આપવામાં આવ્યું ન હતું.

મહારાષ્ટ્રમાં બીચ શહેર ગણાતા અલીબાગમાં સ્થિત શાહરુખ ખાનના દેજાવુ ફાર્મ પ્રાઈવેટ લિમિટેડ ઉપર આવકવેરા વિભાગે આજે કબજો જમાવ્યો હતો. આ ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા આપતા આઈટી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, બેનામી સંપત્તિ એક્ટની કલમ ૨૪ હેઠળ જો તપાસ અધિકારી એમ માને છે કે, વ્યક્તિ

આઈમેક્સ અનુભવ - કલ્પનાનો સાક્ષાત્કાર
ચંદ્ર ગ્રહણના અવસરે
“Walking on the Moon”
ના ખાસ વધારાનાં શો
In Hindi
TOM HANKS PRESENTS
MAGNIFICENT DESOLATION
WALKING ON THE MOON 3D
LUNAR ECLIPSE
Triple Treat:
Super moon, Blue moon and Blood Moon
Don't miss this rare celestial treat
Wednesday | 31st January 2018
6.00 p.m. to 9.00 p.m.
Date
31.01.2018
Show Timings
12 p.m., 2 p.m.
4 p.m., 6 p.m.
GUJARAT SCIENCE CITY IMAX 3D THEATRE
SCIENCE CITY AHMEDABAD
ગુજરાત સાયન્સ સીટી
સાયન્સ સીટી રોડ, અમદાવાદ
પૂછપરછ માટે સંપર્ક : 079-2970 3122
www.scity.gujarat.gov.in

# બજેટમાં ટેક્સ રાહત હમણા નહિ

**બજેટને લઇને ૪૦ અર્થશાસ્ત્રીઓ દ્વારા અભિપ્રાય રજૂ કરાયો : આગામી વર્ષે ચૂંટણી પહેલા અંતિમ ફુલ બજેટ હોવા છતાં જુદા જુદા પડકારો વચ્ચે મર્યાદિત પગલા લેવાશે : કોર્પોરેટ ટેક્સ રેટમાં નજીવો ઘટાડો થઇ શકે**

નવીદિલ્હી,તા. ૩૦

બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે બજેટમાં કયા પગલા લેવામાં આવશે તેને લઈને અર્થશાસ્ત્રીઓ અને સામાન્ય લોકોમાં ચર્ચા છે ત્યારે હાલમાં જ કરવામાં આવેલા નવા પોલમાં જાણવા મળ્યું છે કે, ટેક્સ રાહતની રાહ જોઈ રહેલા લોકોને મોટાભાગે નિરાશા હાથ લાગી શકે છે. બજેટમાં મોટાપાયે ખર્ચની જોગવાઈ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ૨૪મી જાન્યુઆરીથી લઈને ૨૯મી જાન્યુઆરી વચ્ચે ૪૦ અર્થશાસ્ત્રીઓને લઈને કરવામાં આવેલા પોલમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૮-૧૯માં જીડીપીના આંકડાની સરખામણીમાં સ્થિતિ વધારે સારી નથી તે જોતા સરકાર ટેક્સના મોરચે કોઈ વધારે રાહત આપશે નહીં. પોલમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી ચૂંટણી પહેલા મોદી સરકાર અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરી રહી હોવા છતાં સરકારી ખર્ચ નાણાંકીય ખાધને અંકુશ લેવામાં છેલ્લી ઘડીના અને લાંબાગાળાના પ્રયાસના ભાગરુપે સરકારી ખર્ચ મર્યાદિત રાખવામાં આવી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે નાણાંકીય ૨૦૧૪-૧૫માં તેના પ્રથમ

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટીમાં ત્રણ સ્લેબની શક્યતા

વર્ષ ૨૦૧૮-૧૯ માટે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ત્રણ ટકાના ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટની ભલામણ કરી ચુકેલી ફિસ્કલ રિસ્પોન્સીબીલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ પેનલની ભલામણો તરફ હવે ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ૨૦૧૮ના બજેટમાં એફઆરબીએમ પેનલના ટાર્ગેટ સુધી પહોંચવા ધ્યાન આપવામાં આવી શકે છે. સરકાર દ્વારા ફિસ્કલ શિસ્તને જાળવી રાખવા પગલા લેવામાં આવી શકે છે. મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે કહ્યું છે કે, બજેટ ૨૦૧૮-૧૯માં એક તરફી લોકપ્રિય બજેટ રહેશે નહીં.

સ્માર્ટ ઈંધણ વાપરનારા
સ્માર્ટ લોકો માટે
સ્માર્ટ ચોઈસ
ગુજરાત ગેસ એપ
એપ દ્વારા મળશે વિવિધ સુવિધાઓ...
સરેરાશ વપરાશની માહિતી
નવું ઘરેલુ ગેસ કનેક્શન
નજીકનું CNG સ્ટેશન
બચતની ગણતરી
હેલ્પલાઈન...અને વધુ
આપના ગેસ બિલની ચૂકવણી આપના ગુજરાત ગેસ એપ પર આપના ગુજરાત ગેસ એપ પર ભારત QR વિઝા કાર્ડનો ઉપયોગ કરી ભારત QR વિકલ્પ દ્વારા ચૂકવો અને મેળવો
₹ ૧૫૦/- સુધી કેશબેક*
GUJARAT GAS મોબાઈલ એપ
ગુજરાત ગેસ એપ આજે જ ડાઉનલોડ કરો
Google play App Store
*શરતો લાગુ. શરતોની જાણ માટે મુલાકાત લો www.gujaratgas.com
આ ઑફર ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધી
એક કદમ ડિજિટલાઇઝેશન તરફ